# શહેરના વાતાવરણમાં પલ્ટો

## આકાશમાં વાદળો છવાયા : ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો : પવનનું જોર વધ્યુ : માવઠાંની શક્યતા

ગાંધીનગર, તા. ૧૪

પાકિસ્તાનમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પગલે



ગાંધીનગરમાં વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતુ. વહેલી સવારથી જ વાતાવરણમાં પલ્ટો આવતા લગભગ આખો દિવસ તડકો પડ્યો ન હતો. ઠંડીમાં પણ ખૂબ ઘટાડો થયો છે.

ડિસેમ્બરના પ્રારંભે આકરી ઠંડી પડ્યા બાદ હાલમાં ઠંડીમાં ખૂબ રાહત મળી છે. પાકિસ્તાન વિસ્તારમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ર્ટબન્સની અસર હાલમાં ગુજરાત પર જોવા મળી રહી છે. વેસ્ટર્ન ડિસ્ર્ટહબન્સને પગલે વાતાવરણમાં ભારે પલ્ટો આવ્યો છે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં માવઠું પડ્યુ છે. ગાંધીનગર શહેર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. છેલ્લા બે દિવસથી તેનો અનુભવ વસાહતીઓને થઈ રહ્યો છે. આજે સવારથી જ આકાશમાં વાદળો ઘેરાયા હતા. આકાશમાં વાદળો ઘેરાતા ઠંડીમાં ઘટાડો થયો હતો. ઠંડી જાણે ગાયબ થઈ ગઈ હોય તેવુ લાગ્યુ હતુ. જો કે વાદળો છવાયા તે સાથે જ પવનનું જોર વધ્યુ હતુ. હવામાન વિભાગે આગાહી કરી છે કે હજુ આગામી બે-ત્રણ દિવસ રાજ્યના ઘણા વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ સર્જાશે. ઘણા સ્થળોએ માવઠુ પણ પડી શકે છે. જો કે માવઠાની સ્થિતિ વચ્ચે ખેડૂતો ખૂબજ ચિંતાતૂર બન્યા છે. ઘઉં, ચણા જેવા પાકોને નુકશાન થઈ શકે છે. બે-ત્રણ દિવસ બાદ વાદળોનો જમાવડો ઓછો થશે પછી ઠંડી વધશે તેવુ હવામાન વિભાગે જણાવ્યુ છે. રાજ્યના ઘણા વિસ્તારોમાં ડિસેમ્બરના અંતિમ દિવસોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે જઈ શકે છે.

### લઘુત્તમ તાપમાન ઉંચકાતા ઠંડી ગાયબ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાંથી છેલ્લા બે-ત્રણ દિવસથી ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ છે. આજે મહત્તમ તાપમાન ૩૦.૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૦.૭ ડિ.સે. નોંધાયુ હતુ. છેલ્લા ચાર-પાંચ દિવસથી લઘુત્તમ તાપમાનનું પ્રમાણ ઉત્તરોત્તર વધતા ઠંડી સાવ ઘટી ગઈ હતી. છેલ્લા પાંચ દિવસમાં લઘુત્તમ તાપમાનનો પારો ૯ ડિગ્રી જેટલો ઉંચકાયો છે.

### મહત્તમ-લઘુત્તમ તાપમાનમાં આવેલા ફેરફાર

| તારીખ | મહત્તમ તાપમાન | લઘુત્તમ તાપમાન |
|---|---|---|
| ૧૦મી ડિસેમ્બર | ૨૯.૦ | ૧૧.૨ |
| ૧૧મી ડિસેમ્બર | ૩૦.૫ | ૧૩.૩ |
| ૧૨મી ડિસેમ્બર | ૩૧.૫ | ૧૭.૩ |
| ૧૩મી ડિસેમ્બર | ૩૧.૦ | ૨૦.૪ |
| ૧૪મી ડિસેમ્બર | ૩૦.૮ | ૨૦.૭ |

# શિક્ષણમંત્રી ડીંડોરે રૂપાલ વરદાયિની હાઈસ્કૂલની ઓચિંતી મુલાકાત લીધી

## શાળાની મુલાકાત પછી વરદાયિની માતાના મંદિરે પૂજન-અર્ચન કરી ગામના વિકાસની વાતો જાણી

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર આજે સવારે અચાનક જ રૂપાલ વરદાયિની હાઈસ્કૂલની મુલાકાતે પહોંચી ગયા હતા અને બાળકો સાથે નાગરિકશાસ્ત્રને લગતા પ્રશ્નો તેમજ ચાલી રહેલા સંસ્કૃતના પિરિયડમાં સંસ્કૃત ભાષાને લગતા પ્રશ્નો પુછી મળી રહેલા શિક્ષણ અંગેની પૃચ્છાઓ કરી હતી.

શિક્ષણમંત્રીએ ભારતના સંવિધાનમાં જે પ્રતિજ્ઞા છે તેને લઈ પણ બાળકોને પ્રશ્નો પુછયા હતા અને પ્રતિજ્ઞાવાંચન રોજ કરવુ જોઈએ તેમજ નાગરિકોના મૂળભૂત અધિકારો, ફરજો અને તેમાં સ્વચ્છતાનું મહત્વ શું છે તે પણ તળપદી ભાષામાં સમજાવી બાળકોના મન મોહી લીધા હતા.

શિક્ષણમંત્રી ડીંડોર આ પછી શાળાના શિક્ષકો સાથે વાતચીત કરી હતી તેમજ શિક્ષણ સુધારણા માટે સરકારે લીધેલા પગલાંઓથી વાકેફ કરી બાળકોને શિક્ષણની સાથે સાથે જીવનલક્ષી શિક્ષણ મળે તે જોવા પર ભાર મુક્યો હતો.

શિક્ષણમંત્રીએ શાળાની સરપ્રાઈઝ મુલાકાત લીધી ત્યારે તેમની સાથે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલ અને અન્ય આગેવાનો પણ ઉપસ્થિત હતા.

આ પછી તેમણે વરદાયિની માતાના દર્શન કર્યા હતા અને પૂજા-અર્ચન બાદ મંદિરની ઐતિહાસિકતા વિશેની જાણકારી મેળવી હતી.

રૂપાલ એ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે સાંસદ આદર્શ ગ્રામ તરીકે પસંદગી કરેલ છે. વરદાયિની માતાના મંદિરનો પ્રસાદ યોજના અંતર્ગત થયેલા સમાવેશ અને હાલ ત્યાં ચાલી રહેલા વિકાસના કામો તેમજ પુનઃ જીર્ણોદ્ધારની કામગીરીની વિગતો પણ મંત્રીએ મેળવી હતી.

# જિલ્લાના ૪ ગામોમાં ડ્રેગન (કમલમ્)નું વાવેતર થયુ

## પોષક તત્વોથી ભરપૂર આ ફળ છે : આ વર્ષે ગાંધીનગરની પૂર્વ પટ્ટીમાં ફાલસાની ખેતી પણ થઈ છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં કમલમ્ ફળનું આ વર્ષે ૩ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર થયુ છે. ડ્રેગન (કમલમ્) ફળ એ પોષકતત્વોથી ભરપૂર ફળ માનવામાં આવે છે અને આ વખતે ખેતીવાડીતંત્રએ પણ આ ફળની ખેતીનો વાવેતર વિસ્તાર વધે તે માટેના પ્રયાસો હાથ ધર્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર અને માણસા તાલુકામાં બે-બે ગામોમાં ૪ જેટલા ખેડૂતોએ આ વાવણી કરી છે. અગાઉ પરબતપુરા ગામે આ ફળની ખેતી કરવામાં આવી હતી અને તેના પરિણામ પ્રોત્સાહનજનક રહ્યા છે.

રાંધેજા તેમજ પીંપળજ ઉપરાંત માણસાના લોદરા તેમજ ગુનમા ગામે આ ફળની ખેતી કરવામાં આવી છે. વેલા પર થતુ આ ફળ હોવાથી ખેડૂતોએ ખેતરમાં થાંભલા રોપી અને તેની વાવણી કરવાની હોય છે. કેકટસ પ્રકારનું આ ફળ ડેન્ગ્યુ સહિતની ઘણી બધી બિમારીઓમાં અસરકારક પુરવાર થયેલુ છે. આ ફળ તમામ વિટામીનથી ભરપૂર છે અને તેનો બજારભાવ પણ સારો મળી રહ્યો છે.

લોદરામાં એક હેક્ટરમાં, પીંપળજ ગામે ૦.૮૯ હેક્ટરમાં, રાંધેજામાં ૦.૨૩ હેક્ટરમાં તેમજ ગુનમા ગામે ૦.૮૦ હેક્ટરમાં આ ફળની ખેતી કરવામાં આવી છે.

જિલ્લામાં આ વર્ષે આ ફળની ખેતી કરવામાં આવી છે. તેની માવજત અને દેખભાળ માટે તંત્ર તરફથી સતત માર્ગદર્શન પણ ખેડૂતોને આપવામાં આવે છે.

જિલ્લા બાગાયત તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાની પૂર્વ પટ્ટીમાં આ વખતે ફાલસાની ખેતી પણ સારી એવી થવા પામી છે. ચિલોડા, વલાદ, લવારપુર જેવા ગામોમાં ફાલસાની ખેતી થઈ છે જે પરંપરાગત ફળ છે.

ફાલસા એ વિટામીન-સી થી ભરપૂર માનવામાં આવે છે. જિલ્લામાં તંત્ર દ્વારા બાગાયતી ખેતી વધે તે માટે વિવિધ યોજનાઓ પણ અમલી છે અને આ માટે ખાસ તાલિમ વર્ગો પણ યોજવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# મનપામાં બજેટની તૈયારીઓ

## ચાલુ નાણાંકીય વર્ષનું રિવાઈઝ્ડ બજેટ ૬૦૦ કરોડે પહોંચ્યુ : ચાલુ નાણાંકીય વર્ષમાં ૭૦ ટકા જેટલો ખર્ચ થઈ ચુક્યો છે : નવા માળખાકીય સુવિધાના કામો અને અંદાજો ૩૦મી સુધીમાં રજુ કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકામાં આવકના લક્ષ્યાંકો ૧૦૦ ટકા સિદ્ધ થાય તેમજ આગામી અંદાજપત્રમાં સૂચવવાલાયક નવી બાબતોને લઈ ૩૦ ડિસેમ્બર સુધીમાં વિગતવાર નોંધ અને અંદાજો આપવા શાખાધિકારીઓને જણાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિ. કમિશનર ગુણવંતસિંહ સોલંકીની અધ્યક્ષતામાં ૨૦૨૩-૨૪ની તૈયારી અને ચાલુ વર્ષમાં બજેટના કામોની સમીક્ષા માટે એક મહત્વપૂર્ણ બેઠક તાજેતરમાં યોજાઈ હતી.

મનપામાં ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૬૦ કરોડનો ખર્ચ વધવાના અંદાજો સાથે રિવાઈઝડ બજેટ ૬૦૦ કરોડને આંબી ગયુ છે. ત્યારે વિકાસના કામો અને તેમાં પણ માળખાકીય સુવિધાના કામો તેની સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા જણાવવામાં આવ્યુ હતુ.

મનપાના ચાલુ વર્ષના બજેટમાં કરાયેલ જોગવાઈઓમાંથી ૬૫ થી ૭૦ ટકા રકમનો ખર્ચ થઈ ચુક્યો છે તેમ આ સમીક્ષા બેઠક દરમ્યાન ધ્યાને આવતાં વિકાસના કામોને વેગીલા કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

મનપાના શાખાધિકારીઓ સાથેની આ સમીક્ષા બેઠકમાં વહીવટીય સુધારણા, આરોગ્ય સેવાના સઘનીકરણ તેમજ પ્રજાભિમુખ વહીવટ બનાવવા અને આંતર માળખાકીય સુવિધાના કામોને લઈ વિશેષ ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપાના આગામી બજેટમાં ગટરલાઈન અને ૨૪X૭ પેયજળની લાઈનો બદલવાની કામગીરી સંપન્ન થયા બાદ માર્ગોના દુરસ્તીકરણ અને રિસફેસીંગને લઈ પણ ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે. આ લાઈનો બદલવાની કામગીરી પૂર્ણ થયા બાદ પૂરણની કામગીરી યોગ્ય રીતે થાય તે જોવા પણ ખાસ તાકીદ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### પાટીલની પીઠ થાબડતાં પ્રધાનમંત્રી

ગાંધીનગર, તા.૧૪

ભારતીય જનતા પાર્ટીની આજે સંસદીય દળની બેઠક યોજાઈ હતી, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિત પક્ષના સાંસદોએ ભાગ લીધો હતો. ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં પીએમ નરેન્દ્ર મોદીની જીત પર પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોએ તાળીઓ અને નારા લગાવ્યા હોય પરંતુ પીએમ મોદીએ તે જીત માટે પોતાને હકદાર ન માનતા, ગુજરાતની જીતનો શ્રેય બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા અને ગુજરાત બીજેપી અધ્યક્ષ સીઆર પાટીલને આપ્યો હતો.

# રાજ્યના તમામ ધારાસભ્યો ૧૯ ડિસેમ્બરે શપથ લેશે

## ધારાસભ્યોના શપથ બાદ કાયમી સ્પિકરની નિમણૂક થશે : વિધાનસભામાં પ્રોટેમ સ્પીકર તરીકે જાહેર થયેલા માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ તમામ ધારાસભ્યોને શપથ લેવડાવશે

અમદાવાદ, તા.૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટાયેલા તમામ ધારાસભ્યો ૧૯મી ડિસેમ્બરે શપથ લેશે. ત્યાર બાદ ૨૦મી ડિસેમ્બરે વિધાનસભાના નવા અધ્યક્ષની વરણી કરવામાં આવશે. વિધાનસભામાં પ્રોટેમ સ્પીકર તરીકે જાહેર થયેલા માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ તમામ ધારાસભ્યોને શપથ લેવડાવશે. ધારાસભ્યોના શપથ પછીના બીજા દિવસે વિધાનસભાના કાયમી સ્પીકરની નિમણૂંક કરવામાં આવશે. સુત્રોના જણાવ્યા પ્રમાણે વિધાનસભાના સ્પીકર માટે રમણલાલ વોરા, ગણપત વસાવા અને શંકર ચૌધરીનું નામ હાલમાં ચર્ચામાં છે.

૧૯ અને ૨૦ ડિસેમ્બરે ચૂંટાયેલા તમામ ધારાસભ્યો ગાંધીનગરમાં હાજર રહેશે. વિધાનસભામાં તેમની શપથ વિધીનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં વિધાનસભાના પ્રોટેમ સ્પીકર તરીકે વડોદરાના માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ ધારાસભ્યોને શપથ અપાવશે. રમણલાલ વોરા અને ગણપત વસાવા અગાઉ પણ વિધાનસભાન અધ્યક્ષ રહી ચૂક્યાં છે. ત્યારે નવા અધ્યક્ષ તરીકે કોણ ચાર્જ સંભાળશે એવી ચર્ચાઓ રાજકીય પક્ષોમાં થઈ રહી છે.

ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલે ચાર્જ સાંભળી લીધો છે. ભુપેન્દ્ર પટેલ અને કેબીનેટ તેમજ રાજ્યકક્ષાના મંત્રીઓએ ગાંધીનગર ખાતે શપથ લીધા હતા. ગુજરાતમાં ભુપેન્દ્ર પટેલ સતત બીજી વખત સીએમ બન્યા છે. શપથ બાદ પ્રથમ કેબિનેટની બેઠક મળી હતી અને મંત્રીઓને તેમના ખાતાની ફાળવણી કરાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વર્ણિમ સંકુલમાં મંત્રીઓને પણ મળ્યા હતાં. મુખ્યમંત્રી ઉપરાંત મંત્રીમંડળમાં સામેલ અન્ય મંત્રીઓ પણ પોતાનો ચાર્જ લઈ લીધો હતો.

ગુજરાતમાં મંત્રીગણની શપથવિધી બાદ પ્રથમ કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. હવે ધારાસભ્યોના શપથગ્રહણ અને વિધાનસભાના નવા અધ્યક્ષની ચૂંટણી થવાની છે. આ માટે વડોદરાના માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલને નવા પ્રોટેમ સ્પીકર બનાવવામાં આવ્યાં છે.

# આજથી નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણીનો સપ્લાય અપાશે

## નભોઇ પમ્પીંગ સ્ટેશન ખાતે સર્જાયેલી ખામીના લીધે સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી પાણીનો ફોર્સ અને સપ્લાયનો સમય ઘટી ગયો હતો

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં શિયાળાની ઠંડીના દિવસોમાં પાણીનો વપરાશ ઘટી જતા સામાન્ય રીતે પાણીની સમસ્યા સર્જાતી નથી. જો કે સેકટરોમાં વારંવાર ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ પણ ઉઠવા પામે છે. સેકટરોમાં પાણીની પોકાર માંડ શાંત થઈ હતી ત્યાં છેલ્લા ત્રણ દિવસથી નવા સેકટરોમાં સવારે પુરતા સમય સુધી ફોર્સથી સપ્લાય ન આવતો હોવાની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. નભોઈ પમ્પીંગ સ્ટેશન ખાતે ટેકનિકલ ખામી સર્જાતા સરીતાની ટાંકીમાં પાણીનુ લેવલ જળવાતુ ન હતુ જેના લીધે પાણીનો ફોર્સ પણ ઘટી ગયો હતો જો કે આ સમસ્યાનુ નિવારણ આવી જતા હવે આજથી સેકટરોમાં પુરતા દબાણથી પાણી સપ્લાય કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી શહેરના નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય ન થતા ગૃહીણીઓમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. સેકટરોમાં સવારે અપાતા સપ્લાયના અંતે ઘરોમાં અન્ડર ગ્રાઉન્ડ ટાંકી પણ પુરતી ન ભરાતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. અગાઉ સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદોના લીધે પણ બુમ ઉઠવા પામી હતી જયારે છેલ્લા ત્રણ દિવસથી પાણી પુરતા ફોર્સથી તેમજ પુરતા સમય સુધી ન આવતા સેકટરોમાં પાણીની બુમરાણ મચી છે. આમ તો શિયાળાની ઠંડીના દિવસોમાં પાણીની ઘટની સમસ્યા સર્જાતી નથી કેમ કે શહેરમાં પાણીનો વપરાશ ૩૫ ટકા જેટલો ઘટી જાય છે. પરંતુ હાલ નભોઈ પમ્પીંગ સ્ટેશન ખાતે ટેકનિકલ ખામી સર્જાતા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સુત્રોના જણાંવ્યા મુજબ નભોઈ સ્ટેશનમાં સર્જાયેલી આ સમસ્યાના લીધે શહેરમાં પાણીના સપ્લાય માટે ઉપયોગમાં લેવાતી સરીતાની ટાંકીમાં પુરતુ પાણી ભરાતુ ન હતુ જેથી પાણીનો સપ્લાય પણ ઘટી ગયો હતો. જેના લીધે સવારે સપ્લાયના અંતે શહેરના નવા સે- ૧ થી ૧૪ માં પાણીનો સપ્લાય ઘટી જતા સેકટરવાસીઓમાં પાણીની ખેંચનો પ્રશ્ન જટીલ બન્યો છે. અગાઉ ડહોળા પાણીની ફરિયાદોના લીધે પણ શહેરમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા હતા. જયારે આ ફરિયાદોનો હજુ માંડ અંત આવ્યો હતો ત્યાં સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટવાની સાથે શિયાળાની ઠંડીના દિવસોમાં ફરી એકવાર પાણીની સમસ્યા સામે આવી હતી જો કે સુત્રોના જણાંવ્યા મુજબ નભોઈ પમ્પીંગ સ્ટેશન પર સર્જાયેલી ખામીનુ નિવારણ આવી જતા હવે બુધવારથી રાબેતા મુજબ પાણીનો સપ્લાય આપી શકાશે અલબત્ત નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# નવા ગાંધીનગરમાં માર્ગોના નવીનીકરણ અને વાઈડનીંગનું કામ હાથ ધરાયુ

## ગત ચોમાસામાં માર્ગોને નુકશાન થતા ડામર કાર્પેટનું કામ પણ ચાલી રહ્યું છે

ગાંધીનગર

વરસાદી દિવસોના અંતે નવા ગાંધીનગરના વિસ્તારમાં માર્ગો ઉબડ ખાબડ બનતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે આ સ્થિતિને ધ્યાનમાં રાખી ગુડા દ્વારા માર્ગોના નવીનીકરણ તેમજ વાઈડનિંગનું કામ હાથ ધરવામાં આવ્યું છે . ગુડા દ્વારા સાત ટાઉન પ્લાનિંગ સ્કીમના વિસ્તારમાં રસ્તાને નવેસરથી ડામર કાર્પેટ કરવાનું કામ શરૂ કરાયું છે જયારે સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ અને કોબા વિસ્તારમાં મુખ્ય માર્ગોને પહોળા પણ કરવામાં આવશે.

ન્યુ ગાંધીનગરમાં માર્ગોની હાલત લાંબા સમયથી ઉબડ ખાબડ બની હતી વરસાદી દિવસો દરમિયાન પાણીના ભરવાના લીધે માર્ગો ક્ષતિગ્રસ્ત બન્યા હતાં. જયારે આ દરમિયાન ખોદકામ ના લીધે પણ માર્ગોની હાલત વધુ ખરાબ થઈ હતી પાણી અને ગટરની લાઈનો નાંખવા દરમિયાન પણ રસ્તાઓને નુકશાન થયુ હતું. ઘણા સમયથી ખાડા ટેકરાવાળા રસ્તાથી આ વિસ્તારના રહેવાસીઓ તોબા પોકારી ગયા છે જયારે માર્ગ સલામતી પણ જોખમાઈ છે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળની કચેરી ઉપરાંત આ મુદ્દે છેક સચિવાલય સુધી ફરિયાદો અને રજૂઆતો કરવામાં આવી હતી. જોકે ગુડા દ્વારા બજેટમાં જ આ રસ્તાઓના સમારકામ કરવા માટે, નવા રસ્તાઓ બાંધવા માટે અને હયાત રસ્તાઓને પહોળા કરવાની સાથે નવેસરથી ડામર કાર્પેટ કરવાના સંબંધમાં ગત બજેટ વખતે જ ખર્ચની જોગવાઈ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત તેના સંબંધમાં તાંત્રિક અને વહીવટી મંજુરીઓ પણ આપી દેવામાં આવી હતી. હવે તમામ સરકારી તંત્રની જેમ ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળના તંત્ર માટે પણ ચૂંટણીનું નડતર રહ્યું નથી. જેના પગલે સમારકામ હાથ ધરવામાં આવ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર કુડાસણ, રાયસણ, રાંદેસણ અને કોબા વિસ્તારમાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ગુડા દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીને અનુલક્ષીને વધુમાં મુખ્ય માર્ગો પર વાહનોની અવર જવર વધવાના કરાણે ટ્રાફિક અંગેની સમસ્યાઓ ઉદભવી છે તેને અનુલક્ષી રસ્તાઓનું વાઈડનીગ કરવાની સાથે માર્ગોનું નવીનીકરણ પણ કરવામાં આવશે.

# સરગાસણમા ગુડાના અધિકારી-કર્મચારીઓ માટે મકાન બનાવશે

## ગુડા ભવન નજીક જ સરગાસણમા બંગલા અને ફ્લેટ ટાઈપ આવાસ બનાવાનું કામ ચાલુ

ગાંધીનગર

વિકસતા ન્યુ ગાંધીનગરમાં અનેકવિધ પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા ગુડાની નવી કચેરીની નજીકમાં જ ચેરમેન અને મુખ્ય કારોબારી અધિકારી માટે પાંચ બેડરૂમ સહિતની સુવિધા ધરાવતા બે બંગલા, ક્લાસ ૧ અને ક્લાસ ૨ના અધિકારીઓ માટે ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટ ટાઈપ આવશે. બંગલા અને આવાસના નિર્માણ પાછળ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે

ગુડા દ્વારા પોતાના અધિકારી, કર્મચારીઓ માટે આવાસની સુવિધા કચેરી નજીક જ કરવામાં આવી રહી છે કપાતમાં મળેલી જમીન પૈકીના ૧૬ હજાર ચોરસ મીટરનું વિશાળ ક્ષેત્રફળ ધરાવતા પ્લોટમાં બાંધકામનું કામ શરૂ કરી દેવાયું છે. જેની પાછળ રૂપિયા ૩૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. ગુડાના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટીવ ઓથોરિટીને અનુલક્ષી ૪૫૦ સ્કવેર મીટરના બંગલા બનાવશે જે અન્વયે હોલ, ડ્રોઈંગરૂમ, નીચે બે અને ઉપર ત્રણ બેડરૂમ અને કિચન સહિતની સુવિધા તથા આગળ અને પાછળ ખુલ્લી જગ્યા પણ મળશે. જ્યારે ક્લાસ ૧ અને ક્લાસ ૨ના અધિકારીઓ માટેના ફ્લેટમાં ૩ બેડરૂમ, હોલ, કિચન સહિતની

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com